**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી પ્રશંસનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| પૂ.માના જન્મદિનની શુભકામનાઓ | યોગેશ્વર પરિવાર | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| Fulwadi–2011 | Editor | 7 |
| Fortunate children of Fulwadi | – | 9 |
| Fulwadi | Pratik Smart | 10 |
| ફૂલવાડીના શ્રીગણેશ–૨૦૧૧ | અર્પિતા જોશી–અમેરિકા | ૧૯ |
| Feedback from the parents of the children, who attended the camp | – | 42 |
| ૐ મા પ્રભુ | – | ૪૭ |


**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) **૨૨૧૩૮૧**, (રહેઠાણ) **૨૩૦૨૨૨.**

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

કર્પૂરવન કાલીમંદિરમાં જ શૈશવ વીતાવ્યું, મોસાળને જ પોતાનું ઘર બનાવ્યું, એકલા હાથે મુંબઈમાં વરસો સુધી વસી વેપારી પેઢીનો પ્રામાણિકપણે વહીવટ સંભાળ્યો.

મુંબઇ કે મેમ્ફીસ, સ્વદેશ કે સાન્ફ્રાસિસ્કો વસ્યા, છતાં પ્રાર્થનાના નિયમને જીવનમંત્ર બનાવ્યો.

અને વિશેષતાતો એ છે કે પૂ. શ્રી જેવા સમર્થ મહાપુરુષને પોતાને આંગણે ઉતારી, પ્રેમથી સેવા કરી, સત્સંગ પામ્યા.

કર્પૂરવનના એ વડીલ બંધુ પ્રાર્થના પ્રેમી, સંતપ્રેમી, ભક્ત પુરુષ શ્રી ધીરૂભાઇ રણછોડજી ભક્તની સ્મૃતિમાં આ અંક શ્રી રૂક્ષ્મણિબેન ભક્ત તરફથી પ્રસિદ્ધ થઇ રહ્યો છે, તે બદલ અભિનંદન.

**—મા સર્વેશ્વરી**

(નોંધ :— શ્રી રૂક્ષ્મણિબેન ભક્ત તરફથી અધ્યાત્મના ત્રણ અંકની પ્રસિદ્ધિના પૈસા મળ્યા છે. તે પ્રમાણે માસ ઓક્ટો, નવેમ્બર અને ડીસેમ્બર ૨૦૧૧ના અંકો માટે તેઓનું નામ નિશ્ચિત કરેલું, પરંતુ ભૂલથી ઓક્ટો. ના અંકના પ્રકાશનમાં સપ્ટે.ની અભિનંદનીય સહાય ફરીથી છપાઇ ગયેલી. તે બદલ અમે દીલગીર છીએ. **—તંત્રી**



This is a special issue of Flower Garden 2011, Canada

# પૂ. માશ્રી સર્વેશ્વરીના જન્મદિનની શુભકામનાઓ

પરમ પૂજ્ય મા શ્રી સર્વેશ્વરી તા. ૧૩—૧૧—૨૦૧૧ ના રોજ ૬૯ મા વર્ષમાં પ્રવેશ કરે છે, તે પ્રસંગે આપણે સહુ ગુરુદેવ પ્રભુને પ્રાર્થના કરીએ કે પૂ. માનું આરોગ્ય ખૂબ સારું રાખે, તેમજ તેઓની આધ્યાત્મિક ક્ષેત્રે વિકાસની જે જે ભાવનાઓ હોય તે પૂ. ગુરુદેવ ભગવંત નવા વર્ષમાં પૂર્ણ કરે. વળી પૂ. મા દ્વારા સૃષ્ટિના સર્વ જીવો સુખ, શાંતિ ને આનંદ પામો એ જ પ્રાર્થના.

**—યોગેશ્વર પરિવાર**

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૪ નવેમ્બર–૨૦૧૧ અંક ૨**

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૨, નરસિંહનગર, નારણપૂરા ચાર રસ્તા.**
**તા.૬/૪/૮૨ મંગળવાર**

પૂ.શ્રી સવારે ઉઠી સ્નાન વ્યાયામ મંત્રજપ કરી લેખનકાર્ય કરવા બેઠા છે. કામ વિના પૂ.શ્રી વાચતીચ કરતાં નથી. જો કે સર્વેશ્વરીને તો ગઇ કાલે મૌન હતું. જેમ આજે સવારે જરૂરી થોડી વાતો કરી. જેમાં સર્વેશ્વરીને ગઇકાલે પ્રકાશના દૈવી કિરણોના બપોરે દર્શન થયા હતાં. અને ગઇ કાલે જ સવારે શીરડી સાંઇબાબાની સહજ ઝાંખી ધ્યાનમાં થઇ હતી એ સાંભળી પૂ.શ્રીએ કહ્યું ધ્યાનની સાધનામાં જુદા–જુદા સંતો આવે. નિયમિત ધ્યાનમાં બેસવું જ.

સર્વેશ્વરી પોતે પણ નિયમિત વ્યાયામ, ગીતાપાઠ અને ધ્યાન કે મંત્રજપ માટે બેસે જ છે. આજે પણ ધ્યાનની બેઠક પછી સર્વેશ્વરીએ ડાયરીની નોંધ કરી. ગઇ કાલથી સર્વેશ્વરી મનુસ્મૃતિ



વાંચે છે. તે પહેલા દયાનંદ, ગુરુનાનક ને તુકારામના જીવનચરિત્ર ત્રણેક દિવસમાં વાંચ્યા.

આજની મુલાકાતમાં એક ભાઇએ નિગુર્ણ ઉપાસનાના પ્રશ્નની ચર્ચા પૂ.શ્રી સાથે કરી. વળી કર્મના ફળ બળી શકે ખરા એ અંગે પણ ચર્ચાઓ થઇ.

મુલાકાતને અંતે સૌ વિદાય થયા. પૂ.શ્રીએ આજે પણ લસ્સી (દહીંની) લીધી. પછી થોડો આરામ કર્યો. ૧ કલાક સાંજે લેખનકાર્ય કર્યું. સાંજના એ લેખનકાર્યમાં પૂ.શ્રી ઇંગ્લેન્ડની યાત્રાની નોંધ લખી રહ્યા છે. સર્વેશ્વરીએ થોડા જપ કર્યા.

સાંજે ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી પૂ.શ્રીને મળવા આવનાર છે. તેઓ દશ મિનિટ વહેલા આવે છે. પણ પૂ.શ્રી પોતાના સમયે જ ઉપર બોલાવે છે. તા. ૧૧–૪–૮૨ના રોજ નવરંગપુરા ભાઇકાકા હોલમાં પૂ.શ્રીનું એક પ્રવચન ભગવાન રમણ મહર્ષિનું જીવન ને કાર્ય ઉપર થશે.

સમયસર પ્રવચન સ્થળે પહોંચી જવાનું બને છે. આજના પ્રવચનમાં પૂ.શ્રીએ કાશી પંચકમ્ અને ભર્તૃહરિનું વૈરાગ્ય શતકના શ્લોક સમજાવ્યા. પ્રવચનમાંથી આવતા પૂ.શ્રીએ કહ્યું. પ્રવચન પછી ભાઇબેનો પૈસા મુકે છે. તે પૈકી દરરોજ ૫/- રૂ. સમર્થેશ્વર મહાદેવમાં આપે મુકી આવવા. સારુ કામ છે. વળી ઉતારા ઉપર આવતાં જ વાત કરતાં સૌને માતાજીની સેવાને આશીર્વાદ માતાજીની પવિત્રતાને પરિણામે અંતિમ ઘડીઓ કેવી મંગળમય બની તેની વાતો કરી.

ઉપર આવી સ્નાન કરી બટાકાવડા ને દૂધનો નાસ્તો લીધો.

# Fulwadi 2011

This is a special issue of Maa's first Fulwadi Camp, 2011, in canada. It is a noval experiment by Maa to be one with children, who knew very little about Maa, and her Divine Grace and Love.

**–Editor.**

**Introduction Note:**

P.Maa is always unique and creative in the way she interacts with her devotees, be it young or old. Every moment with her is heavenly. Anyone who has experienced bliss in her presence will always endeavor to be in her company.

This year, with divine guidance from Maa, the children of New Jersey got a chance to participate in a one week Fulwadi (Om Maa's Flower Garden) program. This children's camp was inspired and organized by P.Maa. The entire Fulwadi program was a very successful event. Here children were taught good habits such as:

doing prayers before meals,



learning to sing dhoons and bhajans,

learning how to be independent.

doing 11 pranams and singing Varada Hasta before going to school

The daily schedule was not boring or routine, but full of fun and exciting activities and adventures. The children got to go on field trips and visited places like the Crayol, train rides and various local mandirs. The entire week was filled with spiritual education and fun activities.

Thanks to P.Maa, not only the children but everyone involved in the program learned a great deal. It was one of the most memorable events ever! The entire week was filled with spiritual education and fun activities. Everyone took home with them lessons learned for lifetime.

Children from the ages of 3 to 13 took part in this camp. Let us see what they had to say about this Fulwadi program in their own words.

# Fortunate children of Fulwadi

The following are the fortunate children, who participated in the first Fulwadi Camp–2011.

***Pujya–3 years-(not in school)***
***Sidhi–6 years–grade 2***
***Kavita–13 years–grade 8***
***Manan–9 years–grade 4***
***Ishaan–8 years–grade 3***
***Pooja–6 years–grade 1***
***Isha–8 years–grade 3***
***Shiven–6 years–grade 2***
***Moksh–5 years–Kindergarten***
***Kavya–6 years–grade 1***
***Kirtan–7 years–grade 3***
***Viren–10 years–grade 5***

## Children, Please execuse me

This time we have included 16 photographs of the shibir. So 16 pages have been lessened for publishing articles.

Capacity of our magazine is 64 pages. It was impossible to accomodate all our articles of 56 pages so the remaining 8 pages will be included in our next issue of December 2011. I hope my children will excuce me for the same. –Editor

આ અંકમાં ૧૬ ફોટાઓ સામેલ કરવાના પરિણામે ફુલવાડી અંગેના બધા જ લેખો નવે.૧૧ના અંકમાં સમાવી શકાયા નથી. તેથી વધેલા તે લેખો ડીસે.૧૧ના અંકમાં સમાવવામાં આવશે– આ માટે બાળકો અમને માફ કરે. **–તંત્રી**



# Fulwadi

**–Pratik Smart**

The first Satsang in the presence of "Pujya Maa" this year was also the first opportunity for the children of the New Jersey Kendra to orate Bhajans, Shlokas and Prayers that they had learned in the past year for "Pujya Maa". On a trip to the Hershey's Park(Chocolate factory) and the UTZ chips factory, which was organized for the chant their many prayers in front of "Pujya Maa". All this time "Pujya Maa" had been listening to the children intently. So happy was she to interact with the children and to see their enthusiasm that she decided to organize the first "Fulwadi–A Shibir" in North America especially for young children. That same day on July 20, 2011 two house were rented in the Poconos area of Pennsylvania, the participating children were finalized and so were the dates for this special Shibir.

It took a week for the parents of the participating children to prepare for the Shibir and during this time the excitement of the children had reached its peak. The anticipation of a time with "Pujya Maa" had grown within these children. On July 30, 2011 twelve children with their parents reached the Poconos for the Shibir. With a glit-

ter in their eyes and roses in their parents reached the Poconos for the Shibir. With a glitter in their eyes and roses in their hands the children assemble in a queue, ready to meet their deity. The youngest 3 year old rolled in first and after bowing down at "Pujya Maa's" feet she offered the rose to "Maa–Prabhu's" swaroop. Other following soon and this finally ended with the 13 year old. They all sat facing "Maa" with intent smile on their face and a lot of anticipation in their postures–waiting for direction from "Maa". Within minutes we got to see all the preparation that "Maa" had organized in the past few days. The room was adorned with balloons and riboons strung across the walls. Giant boards with group photographs of children with "Maa", from their trip to Hershey Park and UTZ factory were placed in different corners of the room. Chants of "Om Maa Rakshmam, shri Maa Rakshamam" filled the air. Soon "Maa" asked for all present to say the 11 simple prayers that were created for chilren and to do Pranams with each of those prayers. These prayers were explained to the children and so was "Varad Hasta" so that they could say these prayers knowing its meaning. Then she asked the children if they all wanted a "Raksha Kavach" that had to be worn by them when they performed their daily Pranams. The children



cried out "Yes" in unison and each child was presented a "Rakshamam Shawl". Up next the children were decorated with garlands of candy. These children then went out in groups to do a 'Pradakshina' of the house with the boards of their photographs with "Maa" in their hands. More excitement awaited on their return. They were then given sweets and fruits to eat. Bowls of candies, fruits and balloons were handed to each child. By now their happiness was filled up to the brim. They were both amazed at the days proceedings and were full of wonder at what would happen next in the days to come. After spending a few hours interacting with "Maa" they were asked to see the other house where they would be living for the next seven days. The main hall had "Pujya Maa Prabhu's" swaroop placed on a neat sofa set. The house was decorated with lightings and balloons. The photograph boards were placed in the four corners of the main hall. Paper plates with photographs of the children were strung across the room. Chants of "Om Yogeshwaray Namah, Om Maa Sarveshwarye Namah" echoed in the main hall. The whole atmosphere had a festive mood. In the evening the children had their dinner together and were also made to sleep out in the main hall together. It felt as if a family get together had begun that day.

That day I saw and realized the immense involvement “Pujya Maa” had in the entire preparation of the event. She had taken a lot of care to ensure that the children would enjoy their time at the Shibir. Within a day or two she worked with satsangis to decorate the house and give it the fesive look. All the decorations had a special touch and thought from “Maa”. She had also selected the gifts that were given to the children and had taken an extra effort to presonally go out and purchase them. “Maa” had also planned the outdoor activities for the coming days. With use of technology she had found out location of recreation activities for the children. Activites such as craft work, art work, drama, cycling and exercise were organized for different days that would help the children enjoy their time at the Shibir. She had also ensured that different varieties of food were cooked for the children. Her aim was to give total freedom to all the children during their stay. Restricions were to be removed and the parents were asked to explain detail to the kids through loving conversations. Even the prayers were limited to a few during the entire day. Eleven Pranams in the morning with prayers, before lunch and dinner time, prayers at night before sleeping. Her direction was clear–she wanted the children to imbibe new prayers, enjoy their time in the company of



each other and celebrate their stay at the Shibir.

The next morning “Maa” arrived early in the morning to awaken the children. Many of them who had arisen were called out of the house. “Maa” showed the kids many exerises that they could practice even when they went back home. Although “Maa” was stationed in a different house her mind was always with the children. She always wanted to know if the children were enjoying and she often gave them a surprise visit. In the morning that day “Maa” visited the children again, did Pranams with them and watched them have their breakfast. During such visits she would make the kids laugh with small notes and would often interlace it with a few teachings that would make the children learn good habits. There was a lot of care in giving such lessons to the children such that they would use it more often in the time to come. She seemed to have a magical spell on all the children. They were always awaiting an interaction with “Maa” and would always accept everything she had to present to them. All such visits from “Maa” invariably brought in loads of gifts and candies for the children. Each gift article a bit different each time and that always kept up their antipation. Sometimes the children got “Maa’s” darshan in the mornig  and sometimes at night. The interaction was always jovial and playful.

She would ask them she would listen to them answer them, in such a way that it would always bring out laughter, bring out a lasting impression in the children and teach them something new to take with them in the future. Each passing day saw an evolution of these children and a growth of their relation with “Maa”. There was a certain loving exchange between the children and “Maa”. They were growing so comfortable and happy in her company that it seemed they would not want to leave her ever.

There were times when the children played out in the open or went out for bicycle rides. One day they were taken out to the ‘Crayola Factory’ where they saw how crayons were made and got a chance to explore some art work in the factory. On another day they were taken to a temple and on yet another day they went out for a train ride. Each time they got back they would describe their experience to “Maa” in detail. Each child had something to say about their day and “Maa” would have a very loving conversation with them. These were days when each child was involved in some art work or painting. They once prepared colorful photo frames and on yet another occasion they learned to write “Om Maa Prabhu” in Gujrati. One day they received a surprise visit from “Maa” where “Maa” wanted to give them special



uniforms to wear. It turned out that each child got two T–Shirts, One with the photograph of a Lion and one with the photograph of Lion cub. On it was written “Om Maa’s Lion. This gesture brought in some unique confidence in the children. Suddenly they were all growing like a Lion and each one proclaimed that they were “Maa’s Lion”. A group photograph of “Maa” and the children wearing the T–Shirt was taken that day. On yet another day “Maa” asked for her photograph to be clicked with each child. These were eventually put into the photo frames that the children had prapared earlier in the week. The children were often told stories of “Maa” and “Prabhu” in very simple languge. Two of those stories were converted into drams and the children enacted those plays in front of “Maa” when she came to meet them one day. “Maa” was extremely happy seeing the young ones bring out their emotions and understandings though their enactment.

On August 04, 2011 the children celebrated “Pujya Maa’s” completion of her 10,000 days of fasting. When “Maa” walked up to the children’s house that evening the entrance was decorated with flowers and Rangoli. Oil Lamps were placed on her pathway. They presented a dance sequece with lamps and it was choreographed on “Saroda Game Bal Mukundam” that was sung by the parents in a classical Raga. “Maa”

explained the significance of fasting to children. She talked to them about getting strength and stamina from fruits. She also explained to them about “Nirjala” and told them that 3252 Nirjalas were completed by her on this occasion. This grand occasion was celebrated with the children bursting firecrackes and the evening was spent in Garba. Children, Parents and Grandparents were totally sunk in merriment. They adorned traditional attires and they all danced to tradional Garba tunes. The day felt like a confluece of Diwali and Navrati. The occasion, truly was a gathering of both these celebrations, since Pujya Maa was present and something extraordinary was completed that day.

Good time seemed to have gone by a flash and the day for the children to go back to their homes came up on August 06, 2011. By now the children were in love with “Maa”. Each child had turned into someone new and none of them wanted to go back home. In the morning when they got “Pujya Maa’s” darshan they were all in a very joyful mood. They got more candies, toys and gifts before their departure. “Maa” handed each child their photograph with “Maa” in the frames that they had created by themseleves. They even got to play in the rain with “Maa” as promised by her earlier in the week. being the last day we could see that “Maa” was showering



all her Love and Blessings on the children. The children had written about their experience at the Shibir, their with “Maa” and their expectations for the future. These letters were neatly filed and given to “Maa”. She came back in the evening once again to see the children. More candies and more blessings flowed out from “Maa” for the children. Each letter written by the children was read out aloud. The Grand Parents who had attended such a shiber for the first time were asked to speak and share their experiences. Each one present there hoped that those moments would never end. This celebration had become so momentous that even “Maa” was extremely happy with the outcome. She promised to organize a bigger Shiber with more children in the following year and a chance to visit the “Disney World” with a larger group. This brought some hope to the little ones as they got ready to depart. As each family disappeared into the darkness of the night, chants of “Jay Jay Krupalu Maa” flowed out into the open.

# ફૂલવાડીના શ્રીગણેશ–૨૦૧૧

અર્પિતા જોશી–અમેરિકા

'તરસ્યાને પાણી પાસે જવું પડે છે, પાણી તરસ્યા પાસે નથી આવતું.' આ એક જાણીતી કહેવત છે. પણ પૂ.માનાં બાળકોને એનો અનુભવ નથી. માતાને અગાઉથી જ બાળકની જરૂરતોનું જ્ઞાન હોય છે. બાળકને ભુખ કે તરસ લાગે, તે પહેલાં જ માતા બાળકને તૃપ્ત કરી દેતી હોય છે.

તેમ પૂ.મા ફરી એકવાર નોર્થ અમેરિકાની ધરતી પર પ્રેમ ને લાડનો મહાસાગર બની આવી ચઢ્યાં છે. આ સાલ પૂ.મા બરાબર બાળકોના ઉનાળાની રજાઓમાં આવ્યાં છે. આ વખતે જાણે પૂ.મા નાના બાળકોને લાભ આપવા જ આવ્યાં છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી ન્યુજર્સી (NJ)માં બાળકો ઉંમર ૩ વર્ષ થી ૧૦ વર્ષ નિયમિત રીતે NJ નાં સત્સંગમાં ધૂન ગવડાવતાં હતાં. એ બાળકોને જાણે પ્રોત્સાહિત કરવા પોકોનો પાઇન પેનસિલવેનિયામાં પૂ.માએ એક બાલ શિબિરની યોજના કરી.

ભારતમાં બાળકોને પૂ.માના સાનિધ્યમાં સ્વર્ગારોહણમાં જે મુક્ત વિહાર મળે છે, તેવો અહીંના બાળકોને એ અવસર મળતો નથી. અહીં જ્યારે પૂ.મા વન વિશ્રામમાં હોય ત્યારે મોટે ભાગે માતા–પિતાને વારા ફરથી બોલાવતાં હોય છે. એટલે બાળકો ઘેર બીજા વાલી પાસે રહી શકે. આ બાળકોને માત્ર જાહેર સત્સંગમાં અથવા કોઇક વાર પૂ.મા સાથે પોતાના માતા–પિતાની મુલાકાત હોય ત્યારે જ પૂ.માનાં દર્શન થાય.



પરંતુ અમારા મનમાં એ વિચાર પણ આવ્યો ન હતો કે બાળકો આવા મહામૂલ્ય લ્હાવાથી વંચિત છે. પૂ.માએ જ ભારતથી આવીને પ્રથમ સત્સંગમાં સૌને પૂછ્યું હતું : ''વેકેશન છે? કોને કોને મા સાથે આવવું છે? એટલે પૂ.માએ બાળકોને વેકેશનમાં પૂ.મા પાસે, પૂ.મા સાથે રહેવું જોઇએ એવું બીજ રોપી દીધું.

પૂ.માના એ પ્રશ્ન પરથી સ્વર્ગારોહણની ફૂલવાડી યાદ આવી ગઇ. પૂ.માને વિનંતિ થઇ, કે જો અહીં રહેનાર બાળકોને એવો લ્હાવો મળે તો કેવું સારું મા?

પૂ.મા, આપણા સૌના કહ્યાગરા ભગવાન છે. પૂ.માએ તરત બીજા જ વીકમાં અહીં એક Potato Chipsની અને એ Heroheys Chocolate Factory છે, ત્યાંથી યાત્રા આયોજીત કરી દીધી. બાળકો અતિ આનંદિત ઉલ્લાસિત થઇ ગયાં. તા. ૨૦ July 2011 ના રોજ એ યાત્રા પૂ.માએ કરાવી. પૂ.મા બાળકો સાથે બસમાં જ બેઠાં. તે દિવસે બસમાં જ પૂ.માએ પૂછાવ્યું કે, ''પોકોનોમાં બાળકોની શિબિરમાં કોને આવવું છે?'' પૂ.મા સૌનાં નામ નોંધી લે છે.

બસ, એ જ પળથી પૂ.માની બાળકોની ફૂલવાડીની તૈયારી શરૂ થઇ ગઇ. બસમાં જ પૂ.મા વિવિધ સુચનાઓ આપે છે, ને વિચારોની આપ લે કરે છે. બાળકોના વયનો વિચાર, ને એ પ્રમાણે એમની ખાવા–પીવાની સગવડ, શું રમત રમાડીશું? ક્યાં લઇ જઇશું, આવી વિવિધ તૈયારી અને નવા નવા વિચારોથી પૂ.મા છલકાવા લાગ્યાં.

એક નવો વિચાર, એક નવી યોજના, ને પૂ.મા એક નવી

દુનિયા, એક નવી સૃષ્ટિનું સર્જન કરી દે. હવે બાળકો માટે અકલ્પ્ય એવું સ્વર્ગ કહો, કે વૈકુંઠ કહો, કે બાળકોની નગરી કે સામ્રાજ્યના સર્જનમાં પૂ.મા તલ્લીન બની ગયાં!

પૂ.મા chips તે Chocolate factory ની યાત્રાના બીજે જ દિવસે, એટલે કે ૭–૨–૨૦૧૧ પોકોનો પાઇન્સમાં ઘર પસંદ કરવા ગયાં. ને એ જ દિવસે રાત્રે પૂ.માએ જાહેર કર્યું કે ઘર ભાડે મળી રહ્યું છે, બાલશિબિર–તા.૭–૩૦–૨૦૧૧ થી ૦૮–૦૬–૨૦૧૧.

એટલું કહીને પૂ.મા અમોને બધાને કામ સૌંપીને નિશ્ચિંત થઇ ગયાં. શું પોતાની સાધનામાં મગ્ન બની ગયાં!

ના, પૂ.મા પોતે જ એટલાં બધાં કાર્યરત થઇ ગયાં. જેટલી તૈયારી એ ભાગ્યશાળી બાળકોનાં માતા–પિતાએ નથી કરી, એથી અનેક ઘણી તૈયારી પૂ.માએ કરી દીધી.

પૂ.માનો પ્રેમ પૂ.માની એમના બાળકો માટે કંઇ પણ કરી છૂટવાની તત્પરતા–એ પૂ.માની સાધનાનું અવિભાજ્ય અંગ જ છે. પૂ.માની સાધના જેમ પૂ.મા માટે છે, તેમ બાળકો માટે પણ છે જ ને! પૂ.મા સાધના પ્રભુ માટે કરે, પ્રભુ પ્રસન્ન થાય. બાળકો પૂ.માને સાધના કરતાં જોઇને પોતે આધ્યાત્મિક માર્ગે આગળ વધે ને પ્રભુ પ્રસન્ન થાય.

પૂ.મા સૌ બાળકોમાં પ્રેમથી સંસ્કારોનું સિંચન કરે સૌની સંભાળ લઇ, સૌને પ્રેમથી જીતી, સૌને પ્રેમથી અજવાળીને ઉજળા કરે–એવા ઉજળાં બાળકો પ્રભુને પ્રસન્ન કરે. પૂ.માની દરેક ક્રિયા પૂ. પ્રભુ અને બાળકોને કેન્દ્રમાં રાખીને જ થતી હોય છે.

પૂ.મા બાળકો માટે આગળથી તૈયારી કરવા ૭–૨૦–



૧૧ના રોજથી પોકોનો પહોંચી જાય છે. પોકોનો પેનસિલાવિયા રાજ્યમાં આવેલો એક પર્વતીય વિસ્તાર છે. ઉનાળામાં અહીં ખૂબ હરિયાળી હોય છે. ને ઉંચાઇ પર હોવાથી વાતાવરણ ને તાપમાન અનુકૂળ રહે છે. આ વિસ્તારમાં 'ટીંમ્બર ટ્રેઇલ એસ્ટેટ' 'Timber Trail Estates' નામનું બંગલાઓનું એક વિશાળ કોમ્પલેક્ષ છે. ઘરો હરોળબંધ હોવા છતાં હરિયાળી એટલી કે એક ઘરમાંથી બીજુ ઘર ના દેખાય. આ જ કોમ્પલેક્ષમાં વચ્ચે એક મોટું તળાવ છે. તળાવમાં બોટીંગ કરવાની, તરવાની વ્યવસ્થા છે. ગોલ્ફ કોર્સ છે, મોટા ભાગે આ વિસ્તારમાં લોકો રજાઓ વેકેશન મનાવવા આવતા હોય છે.

અહીંના મોટા ભાગના બંગલા અઠવાડિયાના હિસાબે ભાડે મળતા હોય છે. છેલ્લા ચાર વર્ષથી પૂ.મા આજ કોમ્પલેક્સમાં દર વર્ષે એક ઘર ભાડે રાખીને રહે છે. સાથે થોડા–થોડા ભક્તોને સંનિધિ સુખ પણ અહીં ધરે છે. આ વર્ષ તો પોકોનોમાં એક પણ ઘર મળી રહ્યું ન હતું. પણ પૂ.માના સંકલ્પ–બળથી તા. ૩૦ જુલાઇથી ૬ ઓગસ્ટના અઠવાડિયા માટે એકની જગ્યાએ ત્રણ ઘર મળી ગયાં!

એક ઘર પૂ.મા, પ્રભુ અને થોડા સાધક ભાઇ બહેનો માટે, બીજું ઘર–બાળકો તથા તેમની ભૌતિક માતાઓ માટે, ત્રીજું ઘર–વડિલો ને બાળકોના ભૌતિક પિતાઓ માટે. એવી યોજના પૂ.માએ ઘડી.

જે દિવસથી બાળકોની શિબિર નક્કી થઇ તે દિવસથી પૂ.મા રાત્રિના ઉજાગરા કરી કરીને બાળકો માટે જુદી જુદી વસ્તુઓ જાતે બનાવવામાં ઓત પ્રોત થઇ ગયાં. પૂ.માએ દરેક બાળકના ફોટા મંગાવી, એ દરેક ફોટાનું ધ્યાનથી નિરીક્ષણ કરી, એમાં

કમ્પ્યુટરથી સુધારો કરાવીને પછી અલગ અલગ સાઈઝમાં એ ફોટા પ્રિન્ટ કરીને તેમાંથી સરસ તોરણો બનાવ્યાં. મોટી ફોટો ફ્રેમ્સ બનાવીને સુવાક્યોવાળાં બોર્ડ બનાવ્યાં. બાળકોના ઘરને પૂ.માએ આમ તેમના જ ફોટા અને ફુગ્ગાથી શણગાર્યું.

''શિબિર'' અને ''ફુગ્ગા'' ભાગ્યે જ એક વાક્ય કે એક સ્થળમાં સાથે વાંચવા કે જોવા મળે છે. શિબિર–ખરેખર તો એક ભારેખમ શબ્દ છે. ''શિબિર–શબ્દથી જ ભાવ આવે–નિયમો, શિસ્ત, શાસન, સમય પત્રક'' ''બાલ–શિબિર'' આ શબ્દ પ્રયોગ જોવા જતા તો પરસ્પર વિરોધી self–contradictory એવું સમજાય. આજની દુનિયામાં આપણે સૌ બાળકોને આ માનવીય "Rat–Race" માં કૂદી પડવાની તૈયારી કરાવવામાં એમને ઉછેરવાનું ભૂલી જઈએ છીએ. માતા–પિતા નોકરી કરે, બાળકે આખો દિવસ શાળામાં રહેવાનું, નિયમો પાળવામાં ડાહ્યા રહેવાનું. જે માતાઓ ઘરે રહે છે, તેમને ઘર સંસારનાં પુષ્કળ કામકાજના લાંબા 'લીસ્ટ'માં બાળકો પણ કોઈકવાર એ 'લીસ્ટ'માંનું એક કામ બની જાય છે. બધી જ વસ્તુ માટે સમયમાં અભાવ અનુભવતો માનવી, જીવનના આ સોનેરી સમયને અને સંબંધને માણવા પણ બહુ(બીઝી) થઈ ગયો છે.

એક કહેવત છે:

'It takes a village to raise a child'

''એક બાળક ઉછેરવા આખું ગામ જોઈએ.''

ને હવે માત્ર માતા–પિતાને એક બે બાળકો, આખું ગામડું તો નથી જ મળતું, ને માતા–પિતા એ મા–બાપ, દાદા–દાદી, કાકા–કાકી, મામા–મામી, ભાઈ–બહેન, અડોસ–પડોસી સૌના



ભાગનો પ્રેમ પૂરો પાડવાનો હોય છે. એટલે જ કદાચ સમયનો અભાવ જણાતો હશે.

આવા યુગમાં ઉછેરતાં બાળકો માટે ઘણીવાર જીવન જ એક કડક અનુશાસનવાળી શિબિર સમું થઈ જતું હોય છે. આ વાતમાં અતિશ્યોક્તિ નથી. તટસ્થ પણે વિચાર કરતાં એ દેખાઈ આવશે.

એટલે જ પૂ.માએ આ પર્વનું નામ રાખ્યું:

"Om MAA'S FLOWER GARDEN"

"ૐ માની ફુલવાડી"

Garden–બાગ–બગીચો–જ્યાં નાના છોડલાઓની માવજત થાય, એમના વિકાસ માટે ખાતર ને પોષણ મળે, એમની રક્ષા માટે રક્ષક દવાઓ Pesticides છાંટવામાં આવે, એમની ફરતે વાડ બાંધવામાં પણ આવે, બાગના માળીનું એક જ ધ્યેય–''ખીલવો, ખીલવો, ખીલવો!'' ખીલવા દો.

પૂ.માનું પણ એ જ ધ્યેય છે. ને આપણા સૌને ખીલવા દે છે.

ને ખરેખર પૂ.માએ બાળકોને એક અઠવાડીયામાં પૂર્ણપણે ખીલાવ્યાં, ખડખડાટ હસાવ્યાં ને રમાડ્યાં.

તૈયારીઓ વખતે પૂ.મા વારંવાર કહેતાં.

''બાળકોને મજા પડે એવું(વિચારો).''

''બાળકોને યાદ રહી જાય–એવી મજા કરાવો.''

''ફરી બાળકોને આવવાનું મન થાય એવું કરો.''

''બાળકોને વેકેશનની મોજ, ને માતાઓને પિયરનું સુખ.''

આમ રોજ રોજ પૂ.મા સાથે બાળકોને કેન્દ્રમાં રાખી તૈયારીઓ કરતાં કરતાં એ સોનેરી મંગલ પળો આવી પહોંચી.

તા. ૩૦ જુલાઈ માટે પૂ.માની આજ્ઞા હતી કે ૨:૦૦ વાગ્યે પૂ.માના ઘરે હાજર થઈ જવું. પૂ.મા ૧:૩૦ વાગ્યાથી બાળકોને વધાવવા તેમનું સ્વાગત કરવા, બહારના મુખ્ય ખંડમાં સજ્જ હતાં. એક એક કરીને બાળકો આવતાં ગયાં, પણ જ્યારે બધાં ૧૨ બાળકો આવી જાય, ત્યારે જ સૌએ સાથે જ ૐ માના ઘરમાં પ્રવેશવાનું હતું. ત્યાં સુધી ૐમાના આંગણામાં જ રમવાના સાધનોની વ્યવસ્થા પૂ. માએ રાખી જ હતી, તે રમવામાં બાળકો રત થઈ ગયાં. જ્યારે સૌ બાળકો આવી પહોચ્યાં, ત્યારે ૐમાએ એમના રાજકુમારોને, રાજ કુમારીઓનું એક રાજમાતાને છાજે એવું ભવ્ય સ્વાગત કર્યું. બાળકોને કદી ના ભૂલાય એટલો પ્રેમ પૂ.માએ આપ્યો છે.

**સ્વાગત સમારોહઃ**

બાળકોએ એક હરોળ બનાવીને દરેકના હાથમાં એક એક ગુલાબ લઈને પૂ.માના મુખ્ય દ્વારમાં બાળકો પ્રવેશે છે. દ્વાર પર ન્યુજર્સીનાં વડીલ યજમાન–શ્રી સરોજબહેન દરેક બાળકને કુમકુમ તિલક કરે છે, ને શ્રી વિનોદભાઈ સૌને સાકરનો પ્રસાદ આપે છે. બાળકો જેવાં પ્રવેશે તેવું સામે જ બાળકોના પોતાના ફોટાઓનું એક તોરણ છે, ને લખેલું છેઃ “Om Maa’s Garden” બધા બાળકો આવું અનોખું તોરણ જોઈને ખુશ થઈ જાય છે. પૂ.મા પ્રભુને પ્રણામ કરીને બેસે છે. પૂ.માનો ખંડ ભારતના ત્રિરંગાના રંગના ફુગ્ગાઓથી શણગારેલો છે.

પૂ.મા ૯ મંત્રગાનથી બેઠક શરૂ કરાવે છે, ને કહે છે :

“ચાલો, આપણે પ્રભુને પ્રણામ કરી લઈએ.” આમ કહી



પૂ.મા બાળકો સાથે પ્રણામ કરે છે.

૧. હે પ્રભુ! મારી રક્ષા કરજો. ૐ યોગેશ્વરાય નમઃ

૨. હે પ્રભુ! મારી સાથે રહેજો. ૐ યોગેશ્વરાય નમઃ

૩. હે પ્રભુ! મારા કામમાં મદદ કરજો, ૐ યોગેશ્વરાય નમઃ

૪. હે પ્રભુ! મારા મિત્ર બનજો, ૐ યોગેશ્વરાય નમઃ

૫. હે પ્રભુ! મને આશીર્વાદ આપજો, ૐ યોગેશ્વરાય નમઃ

૬. હે પ્રભુ! મારા માતા–પિતા બનીને મને અંકે લેજો. ૐ યોગેશ્વરાય નમઃ

૭. હે પ્રભુ! મારી સાથે રમવા આવજો, ૐ યોગેશ્વરાય નમઃ

૮. હે પ્રભુ! મારી સાથે જમવા આવજો, ૐ યોગેશ્વરાય નમઃ

૯. હે પ્રભુ! મને સારી ઉંઘ આપજો, ૐ યોગેશ્વરાય નમઃ

૧૦. હે પ્રભુ! મને વહેલા ઉઠાડજો, ૐ યોગેશ્વરાય નમઃ

૧૧. હે પ્રભુ! મને બધી રીતે સૂર્યની જેમ તેજસ્વી બનાવજો. ૐ યોગેશ્વરાય નમઃ

પૂ.માએ બાળકો સાથે પ્રણામ કરી, એક એક પ્રણામનો અર્થ અંગ્રેજી અને ગુજરાતીમાં સમજાવ્યો. પછી ‘વરદ્ હસ્ત’ ગવડાવીને એનો પણ અર્થ અંગ્રેજી તથા ગુજરાતીમાં કહ્યો.

ત્યાર બાદ પૂ.માએ કહ્યું : “હવે તમને મા રક્ષા કવચ આપશે.” ને તરત જ મને (આ લેખિકાને) “રક્ષા કવચ” નો અર્થ કહે એવું સુચન કર્યું. નાનામાં નાની વાતનું પૂ.મા કેટલું ધ્યાન રાખે, ૩ થી ૧૦ વર્ષના બાળકો માટે રક્ષા કવચનો અર્થ

સમજવો અઘરો છે. એ વાત અમારા કોઈના મનમાં આવે, તે પહેલાં પૂ.મા એ સમજાવવાની સુચના આપી દીધી.

પૂ.માએ દરેક બાળકને ‘રક્ષમામ્’ની શાલ પહેરાવી ને કહ્યું કે પ્રણામ કરતી વખતે રોજ પહેરીને પ્રણામ કરવા એ નવું રક્ષા કવચ ઓઢીને બાળકો પાસે પૂ.મા “ૐ મા રક્ષમામ્” ની ધૂન પર ગરબા કરાવે છે. ને એ પછી પૂ.મા બાળકોને એવી મોટી ને એટલી મીઠ્ઠી એક Surprise આપે છે–જે બાળકો માટે તો શું, મોટાઓ માટે પણ એ અકલ્પ્ય હતી.

પ્રત્યેક બાળકને પૂ.મા એક માથાથી માંડીને જમીન સુધીનો લાંબો કેન્ડીનો હાર પહેરાવે છે. ને પૂ.મા એમને કહે છેઃ “આ બધો પ્રસાદ તમારો જ છે. તમે કોઈને ના આપતા. મમ્મીને પણ નહીં કે પપ્પાને પણ નહીં.”

પૂ.મા બાળકોને પ્રથમ દિવસથી જ સદ્‌ગુરુના પ્રસાદનો મહિમા સમજાવે છે. આપણા પ્રભુ એ જે પ્રસાદ આપ્યો હોય, તે આપણા વ્યક્તિગત વિકાસના સંકલ્પ સાથે આપ્યો હોય, દરેકની પાત્રતા ને જરૂરત પ્રમાણે, એ પ્રસાદ જુદા–જુદા સંકલ્પ લઈ આવતો હોય છે. બાળકોને આ બધી વાત ના સમજાય પણ ૐમાનો Special ખાસ પ્રસાદ મારી માટે જ છે. એની તો ખુશી ને ઉત્સાહ ખૂબ થયો.

ત્યાર બાદ પૂ.મા સોફા પાછળથી ૪ મોટા મોટા Posters બોર્ડ કાઢે છે,–જે પૂ.માએ સ્વ હસ્તે બનાવ્યાં છે.

એક પોસ્ટર બોર્ડ પર : ફોમના ફુલ પર એક એક બાળકનો ફોટો, ને તેની નીચે ફોમના અક્ષરથી એ બાળકનું નામ લખેલું છે.

બીજા પોસ્ટર બોર્ડ પર : પૂ.માનો બાળકો સાથે હરશી



ફેકટરીમાં પાડેલો મોટો ફોટો છે, જેમાં બાળકોએ ૩–ડી ચશ્મા પહેર્યાં છે. આ બોર્ડ પર પૂ.માએ લખ્યું છે. ૐ Maa’s Flower Garden.

ત્રીજા પોસ્ટર બોર્ડ પર : બાળકોના ફોટામાંથી “મા” લખ્યું છે. ચોથા બોર્ડ પર : પૂ.માએ બાળકોના ફોટા સાથે સુવાક્યો લખ્યાં છે.

આ દરેક બોર્ડમાં પૂ.માના હસ્તાક્ષર પૂ.માની કલાકૃતિ સાથે પૂ.માને પ્રેમ, પૂ.માએ બધું તૈયાર કરવામાં ગાળેલો મહામૂલો સમય દેખાઈ આવે છે. પોતાના પ્રેમની અખૂટ મિલકત આ માલિક કેવાં લુંટાવી રહ્યાં છે તેનાં અદ્‌ભુત દર્શન થાય છે.

આ બધા પોસ્ટર બોર્ડને બે ત્રણ બાળકો વચ્ચે એક એક પોસ્ટર બોર્ડ એમ પકડાવીને, “ૐમા રક્ષમામ્”ની ધૂન ગાતાં ગાતાં બાળકો પાસે આંગણામાં એક પ્રદક્ષિણા પૂ.મા કરાવે છે, બાળકો પાછા ફર્યા ત્યારે પ્લાસ્ટીકની સરસ કુલડીઓમાં પૂ.મા એમને કેન્ડી, બીસ્કીટ ને ફળના પ્રસાદ સાથે, દરેક બાળકના ગમતા રંગનો ફુગ્ગો પ્રસાદમાં આપે છે.

આ પ્રસાદની સાથે એક એક કાજુકતરી પૂ.મા દરેક બાળકના હાથમાં આપે છે. એક બાળક કાજુકતરી ખાઈ શકે એમ નહતો. તો પૂ.માએ એને માટે એક ડબ્બો ભરીને જલેબી મંગાવી હતી. એને પૂ.માએ જલેબી ખવડાવી. પૂ.મા કેટલું ધ્યાન રાખે છે! નાનામાં નાની વસ્તુનું, ને નાનામાં નાની વ્યક્તિનું પૂ.મા કેવું હૃદય સાચવી લે છે. ‘સકળ સૃષ્ટિનું મથુ લઈને બન્યું પૂ.માનું મુખ’. સૃષ્ટિના દરેક મુખને સ્મિત ધરે છે. ફુલવાડીમાં માવજત શરૂ થઈ.

પૂ.માના નિવાસથી પછી બાળકો એક બીજા ઘરે ગયાં ૧૧,

Deer Wood, Poconopines P.A–આ સરનામાનું એ ઘર "બાળકોનું ઘર" હતું. પૂ.માના ઘરથી ૫–૭ મિનિટમાં ચાલીને પહોંચી જવાય એટલે જ હતું. બધાં બાળકોને સાથે જ એમના ઘરમાં પ્રવેશ કરાવ્યો. સૌ બાળકોના સ્વાગતમાં આ ઘર પણ પૂ.માએ ખૂબ સજાવ્યું હતું. ઘરના મુખ્ય દરવાજે ફરી એમના ફોટાઓનું તોરણ, ઘરના મુખ્ય ખંડમાં પૂ.માની બેઠક, ને એ મુખ્ય ખંડની સીલીંગ આખી ફુગ્ગાઓથી ભરેલી, ને નાના નાના ફળો Fruitના રમકડાનાં તોરણો હતાં. બાળકો માટે આ દુનિયા "ન ભુતો ન ભવિષ્યતિ" હતી. આટલાં લાડ આ બાળકોનાં આજ સુધી કોઇએ નથી લડાવ્યાં.

પૂ.માની સુચના હતી, કે પહોંચીને તરત એમને એક ગમતી પ્રવૃત્તિ કરાવવી, એટલે બાળકોએ તરત નાની નાની Puppets બનાવી.

આ રીતે પૂ.માના રાજમાં બાળક સત્તા સપ્તાહ પ્રારંભ પામ્યાં. આખા અઠવાડિયામાં બાળકો માત્ર પૂ.માનો પ્રેમ, વ્હાલ, લાડ પામ્યા. ને દિલ ખોલીને ધમાલ મસ્તી કરી.

પૂ.માએ ફુલવાડીમાં બાળકોને સંપૂર્ણ આઝાદી આપવી હતી. પરંતુ એ બાળકોનાં માતા–પિતાઓએ જે ૫–૭ વર્ષથી બાળકોને સંસારના સમય બીબામાં બેસાડવાની જ મથામણ કરી હોય, એ લોકોની ટેવ કેવી રીતે જાય? પૂ.માની ફુલવાડી તો બાળકો માટે હતી, પણ સાથે સાથે માતા–પિતા માટે આ એક Parenting class પણ પૂ.મા લઇ રહ્યાં હતાં.

પૂ.મા અમારા ઉપર સતત ફોન કરી અને સુચનાઓ આપીને યાદ કરાવતાં :

બાળકો પર મિલિટરી રાજ ચલાવવાનું નથી.



વઢવાની મનાઇ છે.

માએ બાળકોના ઘરમાંથી ઘડિયાળ કાઢી લીધી છે.

બાળકોને આપણી ઘડિયાળના કાંટે ના ચલાવાય.

આપણે એમની ઘડિયાળના કાંટે ચાલવાનું છે.

પ્રથમ ૨ દિવસ પૂ.માએ ઘણી ટકોર કરવી પડી. પૂ.મા–પ્રભુ અહીં માતા–પિતા બની સૌને ઘડી રહ્યાં છે. ભૌતિક માતા પિતાની અહીં કોઇ વિસાત નથી.

પૂ.મા સ્વયં બાળકોની નાનામાં નાની વિગત સુધીની સંભાળ લે છે, પણ સાથે માતાઓને પૂ.મા ચેતવતાં રહે છે કે બાળકોને થોડા કલાક કોઇકને સોંપી, દિવસમાં એક વાર તો માતાઓ પૂ.માના ઘરે આવીને વાંચે. આમ પૂ.મા માતાઓને પણ બાળકોથી થોડા અળગા થવાની તાલીમ ધરે છે.

પૂ.માએ પ્રથમ દિવસે જ સૂચન કર્યુ કે બધાં બાળકો ભેગાં જ પ્રાર્થનાખંડમાં મા–પ્રભુના અંકે સૂઇ જાય. એકલા બાળકો, કોઇ માતાઓ નહિ; ને જે માતાને આ વાત મંજુર ના હોય, તો માતાને પૂ.માના ઘરે બોલાવી લેવામાં આવશે. પૂ.મા જ્યાં આદેશ આપતાં હોય, ત્યાં આ જનમની માને દખલ કરવાને અવકાશ જ ક્યાં?

એ પ્રથમ રાત્રીએ જ મોટા ભાગનાં બાળકો પ્રથમ વાર જ તેમનાં ભૌતિક માતા–પિતાથી અળગાં પડ્યાં. ને પોતાના સત્ય સનાતન માતા–પિતા–પૂ.મા પ્રભુના શ્રીઅંકે પ્રાર્થના હોલમાં જ નિંદ્રાધીન થયાં. ને રોજ રાત્રિનો આ ક્રમ આખું અઠવાડિયું ચાલ્યો. ફુલવાડીનું પ્રથમ પુનિત પ્રભાત પ્રગટ્યું, પૂ.મા સવારે મોર્નીંગ વોક પરથી વળતાં પોતે બાળકોના ઘરે એમને જગાડવા આવ્યાં. જેના શ્રી અંકે આપણે પોઢીયે એ જ જગાડેને? રોજ તો

બાળકોને તેમને 'મમ્મી' ઉઠાડે પણ બાળકો આજે પ્રથમ શ્રી હરિ ચરણે સૂતાં તો મા ભગવતી સ્વયં જ એમને જગાડે છે. બાળકો પૂ.માના દર્શન કરી ખુબ રાજી ને ઉત્સાહિત થઇ ગયાં. તે જ સવારે પૂ.માએ બાળકોને ગરાજમાં હળવી કસરતો પણ કરાવી.

ફૂલવાડી માટે પૂ.માનું સૂચન હતું કે સવારે ઉઠીને બાળકોએ સ્નાન કરી—પ્રાર્થનામાં—

૯ મંત્રગાન, ૧૧ પ્રણામ, પ્રાર્થના ખંડમાં કુટિયાનું સ્વરૂપ છે. તેની પ્રદક્ષિણા કરતાં કરતાં વરદ હસ્ત ગાવાનું.

૯ મંત્રગાન ને તે પછી જ સવારેનો નાસ્તો.

પણ પાછાં પૂ.માએ જ છૂટ આપતાં કહ્યું કે ખૂબ ભૂખ લાગી ગઇ હોય તો સ્નાન કરી. એક પ્રણામ કરી થોડું જ કંઇ ખાવું હોય તો ખાવું. પછી પ્રાર્થના તે પછી જ સવારનો નાસ્તો. પૂ.મા જાણે કે બાળકો ૧૨ ને બાથરૂમ ૨, એટલે આવી નિયમમાં થોડી છૂટ આપે તો બાળકો પર મિલિટરી રાજ માતાઓ ના કરે.

તે પ્રથમ પ્રભાતે બાળકોના સ્નાન આદિ ચાલ્યા, ત્યારે પૂ.મા સતત સંપર્કમાં રહ્યાં—ફોન દ્વારા, ને કોણે સ્નાન કર્યું, હજી કેટલા બાકી એ બધા સમાચાર જાણતાં રહ્યાં. ને જ્યાં બધાં બાળકો તૈયાર થઇને પ્રાર્થના કરવા આવ્યાં તેવાં પૂ.મા સ્વયં પ્રગટ થઇ ગયાં બાળકોના ઘરે. પૂ.માએ પ્રભાતના આ પ્રણામ બાળકોની સાથે જ કર્યા. પૂ.માએ જ એમને કુટીયાની પ્રદક્ષિણા કરતા શીખવી. ને પ્રાર્થના પછી નાસ્તા માટે મોકલી દીધાં. લગભગ પહેલો આખો દિવસ પૂ.મા બાળકોની સાથે જ રહ્યાં, જે શીખવવાનું હતું એ પૂ.માએ પોતે જ સીધું બાળકોને શીખવ્યું.

બાળકોના ઘરની 'ડેક' પર પડદાથી બાંધલો એક આખો



ઓરડો. પૂ.માએ બાળકોનો જમવાનો ઓરડો નિયુક્ત કરેલો. એ રૂમ પણ પૂ.માએ ઘણી જ મહેનત ને કષ્ટ વેઠીને શણગારેલો, ને નીચે મોટું પાથરણું પાથરીને ભારતીય રીતથી જમીન પર બેસવાની યોજના ઘડી હતી.

ત્યાં બેસી સમૂહમાં અન્ન બ્રહ્મા ગાઇને જાતે જ જમવાનું એ પણ એક નિયમ પૂ.માએ આપેલો.

ઘણા બાળકો જમતી વખતે માતા—પિતાને નાચ નચાવતાં હોય છે. આપણી મંડળીમાં પણ થોડાં એવાં બાળકો હતાં જે મમ્મી પપ્પા જમાડે તો જ જમે, ને ખૂબ વાર કરે. પૂ.માનો આદેશ હતો કે જે બાળકો જમતા હોય, તેમની મમ્મીએ ડાયનીંગ રૂમમાં પ્રવેશવાનું નહીં ને એમને જાતે જ જમવા દેવાના.

પૂ.મા કહે : ''સ્વતંત્ર રીતે છતાં નિયમિત જીવતાં શીખી જશે.''

બાળકો એક બીજાને જોઇને ખાતાં શીખી જશે એવું પૂ.માનું કહેવું હતું.

આ રીતે બાળકોને તો સ્વતંત્ર રીતે જમવાની તાલીમ મળી જ મળી. પણ માતા—પિતાને પણ બાળકોને ફરતે પ્રદક્ષિણા કરવાના આસક્તિ ભર્યા અભ્યાસના વેલા ચઢી ગયાં હોય—એ પણ પૂ.મા કુશળ માળી બનીને હટાવી રહ્યાં છે. એક સફળ માળી, પોતાના બગીચામાં Weeds—ન જોઇતા છોડને સ્થાન લેવા દેતો નથી.

આ ફુલવાડીમાં પૂ.મા—જે સૌના સનાતન માતા પિતા છે. સ્થૂળ કે ભૌતિક રીતે પણ બાળકોનું પાલન પોતાના સ્વ હસ્તે સ્વીકારી લે છે. આમ કરતાં બાળકોના ભૌતિક માતપિતાને

તટસ્થ કરી દેવાનું, લોલુપતામાંથી મુક્ત કરવાનું, જાગ્રત કરવાનું મહાકાર્ય પૂ.મા કરી રહ્યાં છે.

આ સાત દિવસમાં બાળકો શું કરશે, શું જમશે, ક્યાં જશે એની બારીકમાં બારીક વિગત પૂ.માએ તૈયાર કરી હતી. રોજના ખોરાકમાં બાળકોને સવારનો નાસ્તો, બપોરના જમવામાં બાળકોને ભાવતી વિવિધ વાનગીઓ પીઝા, પાસ્તા, સેન્ડવીચ વગેરે. ને રાત્રે ભારતીય ભોજન. દિવસ દરમ્યાન પૂ.માની કેન્ડી, બિસ્કીટ ને ફળોનો વિવિધ પ્રસાદ, ને રાત્રે પાછો 'આઈસ્ક્રીમ' આમ બાળકો લીલા લહેરમાં હતા પૂ.માના રાજ્યમાં.

રોજ બાળકોએ રમવા માટે રમતગમતનાં અનેક સાધનો બોલ ઈત્યાદિ પૂ.માએ મંગાવેલા. રોજ એ લોકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવા માટે પણ આર્ટ, ક્રાફટ, "ૐ મા પ્રભુ"— એવું ગુજરાતીમાં ઘૂંટવાનાં પાના, વાર્તાની ચોપડીઓ, આવી નાની નાની વસ્તુઓ પૂ.માએ યાદી પ્રમાણે સામાન મંગાવી લીધો હતો. સાથે જ એમને ધૂન શીખવવાની, બહાર રમવાનું, સાયકલ ચલાવવાની, આવી પ્રવૃત્તિઓનો પણ આયોજનમાં સમાવેશ કરાયો હતો. પૂ.માએ જેટલો સામાન તૈયાર રાખેલો, એ બધો સામાન ને એ બધી જ પ્રવૃત્તિઓ બાળકો પૂરી કરી શક્યા પણ નથી. પણ પૂ.મા હરદમે મુશળધાર વરસવા તત્પર ને તૈયાર.

વિદેશમાં વસનારાં બાળકોને અંગ્રેજી ભાષા જ વધારે કાને પડતી હોય. આપણી માતૃભાષા—ગુજરાતી માતાપિતાએ અને ઘરવાળાઓએ ખુબ જાગ્રત રહીને ઘરમાં શીખવવી પડે. એટલે ફુલવાડીનો નિયમ હતો, કે બધાંએ ગુજરાતીમાં જ બોલવાનું.



બાળકોને ટકોર કરીને યાદ કરાવતાં રહ્યાં કે ગુજરાતીમાં જ બોલવાનું છે. તો સાત દિવસમાં બાળકોને ગુજરાતીમાં બોલવાનો ઘણો આત્મવિશ્વાસ વધી ગયો.

આમ રોજ કંઇ ને કંઇ મજાથી બાળકોની સોનેરી પળો પસાર થવા લાગી. પૂ.મા રોજ દર્શન આપવા આવી ચઢે, બાળકોને રમાડે, એમની સાથે વાતો કરે, એમને સાંભળે, સાચી બાળ સત્તા હતી. બાળકોને ગમે એવા નજીકનાં સ્થળોની તપાસ પણ પૂ.માએ કરાવી રાખી હતી.

એક દિવસ ભાઇઓ બાળકોને 'ક્રયોલા ફેક્ટરી(Crayola Factory) લઇ ગયા. જ્યાં ક્રેયોન્સ બને ને બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવાના ઓરડાઓ હોય, ત્યાં આખો દિવસ બાળકોએ ખૂબ મજા કરી.'

એક દિવસ પૂ.માએ બાળકોને પાસેના પાર્કમાં ટ્રેઈન રાઇડ માટે મોકલ્યાં હતાં.

એક દિવસ વડીલો તથા બાળકોને નજીકના બે મંદિરોના દર્શને પૂ.માએ મોકલ્યા હતા.

આનંદ નગરીમાં બાળકો હસતાં રમતાં થોડાક નિયમો પાળતા શીખી ગયાં. રોજનાં નિયમોમાં બાળકોએ :—

સવારની પ્રાર્થના, પ્રણામ.

અન્ન બ્રહ્મા ગાઇને જ—સવારનો નાસ્તો, બપોરનું જમણ ને રાત્રીનું જમણ જાતે જ જમવાનું.

રાત્રે બેઠકમાં વંદન કરું. રાત્રે બહારના પ્રાર્થના ખંડમાં જ પૂ.મા—પ્રભુ પાસે સુઇ જવાનું, ગુજરાતીમાં બોલવાનું.

આટલા જ નિયમો હતાં. પૂ.મા કહે હજી બાળકો નાનાં છે. માત્ર ૧૧ પ્રણામ, વરદ હસ્ત, અન્ન બ્રહ્મા ને વંદન કરું, શીખી

જશે તો બસ. ને બાળકો કોઈ જાતની જોર જબરજસ્તી વગર મોઢે શીખી ગયા. પૂ.માએ અમને મોટાઓને એક વાક્ય કહ્યું :

''બાળકોનો હુકુમ પાળતા શીખો.''

પૂ.મા સતત બાળકો પર પ્રેમથી વરસતા રહ્યા. એમને પોતાના પ્રેમમાં ભીંજવીને તરબોળ કરતા રહ્યા. ને બાળકોની બધી જ વાત માનતા રહ્યા. પૂ.મા બાળકોની નાનામાં નાની વાત મંજુર રાખતાં.

એક રાત્રે બાળકો ફટાકડા ફોડવા બહાર જતાં હતાં ત્યારે એક બાળક પૂ.માને કહે : ''મા, તમે અમારી સાથે ફટાકડા ફોડવા આવો ને'' તો પૂ.મા તરત જ બહાર આવ્યાં ને ફટાકડાના એ ધુમાડા વચ્ચે બાળકો સાથે ઉભાં રહ્યાં.

તેમજ એક દિવસ પૂ.મા બધા બાળકોને Deck પર વરસાદમાં બહાર લઈ ગયાં. પૂ.મા વચ્ચે ઉભા રહ્યાં ને બાળકો ને ફરતે ''ૐ મા રક્ષામામ્'' ની ધૂન ગાતા ગાતા ગરબા કરાવ્યા. પૂ.મા સાથે પૂ. માના પ્રેમમાં પલળવાની બાળકોને મજા પડી ગઈ. ઘરમાં પાછા આવી ગયા તો બાળકોને ટુવાલથી પૂ.મા લૂછી નંખાવે છે. પણ પૂ.મા સ્વયં તો ભીના જ આસન ગ્રહણ કરી લે છે. તો એક બાળક કહે : મા તમારો કોટ લીસો છે? બધુ પાણી જતુ રહ્યું? તો પૂ.મા એની સામે પોતાનો હાથ ધરીને એને સ્પર્શ કરી જોવાનો ઈશારો કરે છે. એટલે હવે સૌ બાળકો એક હરોળમાં પૂ.માનો કોટ કેવો લીસ્સો છે સ્પર્શ કરી કરીને પાકુ કરે છે. આ રીતે પૂ.મા બાળકોના કુતૂહલને પ્રોત્સાહિત કરે છે, પુરસ્કારે છે.

આ રીતે ''બાળકોનો હુકમ પાળતાં'' માની લીલાના દર્શન કરાવે છે.



પૂ.મા રોજ બાળકોને મળે ત્યારે કંઈક ને કંઈક પ્રસાદ તો આપે જ. પૂ.મા માત્ર કેન્ડી નથી આપવા માંગતા, એટલે રોજ બાળકોને કામ લાગે એવી સ્કુલમાં વપરાય એવી વસ્તુઓ આપતાં જેમ કે પેન્સીલનું પેકેટ, ક્રેયોન્સ, મારકર, ઈરેઝર, કલર પેન્સીલ, ફુટપટ્ટી, બોલ ને ચાર ખાનાવાળું એક ડેક ઓરગેનાઈજર. આટલું બધું પૂ.માએ દરેક બાળકને આપ્યું. વળી પૂ.માએ દરેક બાળક માટે બે ટી–શર્ટ છપાવેલાં.

૧) I am Om Maa's Lion.

એવું લખેલું નીચે એક સિંહનું ચિત્ર–ને પછી Pocono 2011 ને પાછળ Om Maa Racksha Mam."

2) I am Om Maa's Lion–ને એની નીચે એક Lion cub નાનકડા સિંહની તસ્વીર.

પૂ.માએ આ તૈયાર કરાવવા માટે, દરેક બાળકની સાઈઝ મંગાવી, બરાબર દરેકને એવી ગણત્રી કરાવી ને, પૂ.માએ પોતે જ તસ્વીર પસંદ કરીને છપાવવા આપ્યાં. આમ એ ટી–શર્ટ નથી, પૂ.માના પ્રેમનું, પૂ.માના કિંમતી સમયનું એક સ્થૂળ ચિન્હ છે જે બાળકોને પૂ.માએ ધર્યું.

એવી જ એક બીજી મહત્ત્વપૂર્ણ ભેટ પૂ.માએ બાળકોને આપી. લાકડાની સાદી ૫X૭ ની ફોટો ફ્રેમ પૂ.મા એ મંગાવી. ફુલવાડી દરમ્યાન દરેક બાળકો એક ફ્રેમને મન પસંદ રંગથી રંગી, ને સૂકાવીને એની ઉપર સ્ટીકર મન પસંદ ચોંટાડ્યાં.

પૂ.માએ દરેક બાળક સાથે ૨–૩ તસ્વીર ખેંચાવી લીધી. એ પૂ.મા સાથેનો ફોટો હસતો આવે એટલે ફોટો પડાવતી વખતે પૂ.મા દરેકને ગલી કરતાં હતાં. જેથી બાળકોના ખડખડાટ હસતા ફોટા આવ્યા. પૂ.મા એ પછી દરેકનો ઉત્તમ ફોટો પસંદ

કરીને પ્રીન્ટ ૨–૩ બાળકોના ફોટા પૂ.મા એ ફરીથી પડાવ્યા. ને પછી બાળકોની તૈયાર કરેલી ફ્રેમમાં પૂ.માએ એ તસ્વીર ગોઠવીને બાળકોને એવી યાદગીરીની અલમોલ ભેટ આપી.

એ ફ્રેમ કેટલી અનમોલ છે! એમાં જે તસ્વીર છે–દરેક બાળકની પૂ.મા સાથે એકલાની છે. એ ફોટો અનાયાસે નથી પડી ગયો. એ પળે, પૂ.માએ બેઠક પર પોતે એની જ રાહ જોઇ બેઠાં હતાં, એને પાસે બોલાવ્યો હતો, એને હસાવવા માંગતાં હતાં, ને એને હસાવ્યો હતો. હસાવતા હસાવતા એ પળને એ ક્ષણને કેમેરામાં ઝીલવાની પૂ.માએ જ આજ્ઞા કરેલી.

૩ થી ૧૦ વર્ષના બાળકોને સમય જતાં જો બધુ યાદ ના રહે, તો પણ તે તસ્વીરમાં પૂ.માએ મઢી આપી. કહે, લે આ તારી પાસે રાખ ને યાદ રાખજે કે તારી મા તને ખુશ રાખવા જ માંગે તને ખુશ રાખવા એ બધું કરશે, જીવનમાં ક્યારેય રડતો નહિં, ઉદાસ થાય તો આ તસ્વીર જોઇ તારી માને યાદ કરી લેજે, કે તારી સાથે જ છે. તારે દુઃખી, નિરાશ થવાની શું જરૂર છે? તને કોણ બાથમાં ભરીને બેઠું છે જોઇ તો લે, ને જો હું તને હસાવું છું, તો આ જગતની શી વિસાત છે કે એ તને રડાવે?

એવા એવા કંઇક શક્તિ અને પ્રેરણાનાં કિરણો એ તસ્વીરમાંથી બાળકોને આજીવન પ્રાપ્ત થતાં રહેશે. લોકો દિવાલ પર જેમ પોતાના લગ્નની તસ્વીર રાખતા હોય એક યાદગાર પ્રસંગની તરીકે, તેમ આ જીવ અને શિવની મિલનના પળની આ અદ્‌ભુત યાદગાર તસ્વીર બની રહી છે.

આ રીતે બાળકોની સમજણ શક્તિ કરતાં અનેક ઘણું પૂ.માએ એમને આપી દીધું.

નાના–નાના નિર્દોષ બાળકો. જેમને ખરેખર મા પાસેથી



માત્ર પૂ.માનો સમય, પ્રેમ, ધ્યાન ને બહુ બહુ તો પ્રસાદની કેન્ડી જોઇતી હોય, તેમની વાતો પૂ.મા ખુબ પ્રેમથી સાંભળે, એમની કાલી કાલી બોલી, એમનું જ્ઞાન અજ્ઞાન. એમનું વ્યાકરણ આ કશું જ મા જુવે નહીં. પૂ.મા માત્ર તેમને પ્રેમ કરી તેમને ખુશ કરે, એ લીલાનાં દર્શન કરતાં સહજ વિચાર આવે કે પૂ.મા આપણી સાથે–કહેવાતા મોટાઓ સાથે પણ આ જ વ્યવહાર કરે છે, આપણા દોષો પર પરદો નાખી, આપણા અહંને પોષી. આપણી દુન્યવી, બીન જરૂરી વાતોમાં રસ લઇને, પ્રેમથી એ બધું જ પૂ.મા આપે છે–જેની મનમાં ઇચ્છાઓ સેવતા હોઇએ છીએ.

પ્રેમ, પ્રેમ ને પ્રેમથી જ પૂ.મા સતત વરસતાં રહે છે. પોતાનું ખુલ્લી કિતાબ સમું જીવન સૌ સાથે વહેચતાં રહે છે. જેમકે એક દિવસ બધાં નાના બાળકો સાથે પણ પૂ.માએ યોગના આસનો કર્યાં અને કરાવ્યાં. જેથી બાળકોને પણ પૂ.માના જીવનના આ અભિન્ન પાસાના પણ દર્શન થાય.

ફુલવાડીના સપ્તાહ દરમ્યાન એક મહાપર્વની પણ ઉજવણી થઇ. ૪ થી ઓગષ્ટ ૨૦૧૧. એ દિવસે પૂ.માના ઉપવાસનો ૧૦૦૦૦મો દિવસ હતો. પૂ.માએ કહ્યું કે ૧૦૦૦૦માંથી ૩૨૫૨ દિવસ તો નિર્જળા થઇ છે. સાંભળીને આપણને અ.ધ.ધ.ધ. થઇ જાય. પણ પૂ.માના મુખ પર–''એ માં શું?'' એવા જ ભાવ કાયમ.

''શ્રી હરિની જ યોજના ને ઇચ્છા છે,''એવું જ પૂ.મા સ્લેટ પર લખે છે.

બાળકો માટે આ ગણિત અઘરું હતું. પણ એમની રીતે બાળકોએ ગીત અને એક નૃત્ય તૈયાર કર્યા. બે નાની

દીકરીઓએ કથક નૃત્ય કર્યું. તો પૂ.માએ એમને પણ પ્રોત્સાહિત કરતાં કહ્યું કે દર સત્સંગમાં કરજો.

બાળકોએ ફુલવાડી દરમ્યાન બે છેક નાના નાટક પણ રજુ કર્યાં હતાં. પ્રભુનો હિમાલયનો રીંછનો પ્રસંગ, ને બીજો પૂ.માનો વરદ હસ્તનો પ્રસંગ. આ બે નાટક પ્રસ્તુત કર્યા હતાં. મોટા ભાગના બાળકો માટે આ પ્રથમ મંચ હતો.

હસતાં, રમતા, કિલ્લોલ કરતાં એક સપ્તાહ તો વેગે વહી ગયું. તારીખ ૬ ઓગસ્ટ રાત સુધીમાં બધાં જ બાળકો પોતાની સનાતન માતાના ખોળેથી વિદાય લઇ, પોતાના ભૌતિક માતા–પિતા સાથે સંસારમાં પાછા ફર્યાં.

એ દિવસે પૂ.માએ બાળકોને નિયમ આપ્યા :

રોજ ૧૧ પ્રણામ, રક્ષમામ્‌ની શાલ ઓઢીને કરવાના.

રોજ માતા–પિતાએ પણ ૧૧ પ્રણામ કરવાના.

એક ખુરશી પર પૂ.મા સાથેની પેલી તસ્વીર, અને બાળકોએ એક કુટિયા બનાવી હતી–એ ખુરશી પર મૂકીને એની પ્રદક્ષિણા કરતાં કરતાં વરદ હસ્ત ગાવાનું.

અન્ન બ્રહ્મા રોજ જમતાં પહેલાં ગાવાનું.

રાત્રે વરદ હસ્ત.

અઠવાડિયામાં એક વાર મગભાત જમવાનું.

જે આટલા નિયમ પાળશે. તેને જ ફરીથી પોકોનો આવવા મળશે.

વિદાયના એ દિવસે બાળકોએ પૂ. માને એક પત્ર લખીને આપ્યો. દરેક બાળકને, પૂ.માને જે લખવું હોય તે લખે, બાળકોના મનમાં જે આવે તે લખે કે લખાવે. એ બધા પૂ.માને



અર્પણ કર્યાં. પોતાની કાલીઘેલી ભાષામાં વ્યક્ત કરેલા બાળકોના ભાવ પૂ.માએ બેઠકમાં વંચાવ્યા. પછી પૂ.માએ જ દરેક બાળકને લખવાના વિષય આપ્યાં કે ફુલવાડી.

ગમ્યુ? શું ગમ્યું? શું શિખ્યા? કેમ ફરી આવવું છે? આમ આ વિષય પર પણ પૂ.માને બાળકોએ જાતે જ ઉત્તર લખીને પ્રસ્તુત કર્યા. પૂ.માએ ખૂબ જતનથી એ પત્રો સાચવીને રાખ્યા છે.

તારીખ ૭ ઓગસ્ટે પૂ.મા બધા બાળકોને ફોન કરીને ખબર અંતર પૂછે છે. પૂ.મા એક હાશ છે. એક શાંતિ છે. પૂ.મા કહે છે : બીજ રોપાઇ ગયાં.

પ્રયોગ સફળ રહ્યો.

પૂ.માએ એક સપ્તાહમાં બાળકોને એટલું બધું આપી દીધું કે એમને ક્યાંય આ જીવનમાં એટલું મળ્યું નહતું. પૂ.માએ કોઇ જાતની જોર જબરદસ્તી વગર બાળકોને હસતા રમતા કેટલું બધું શીખવી દીધું! ૧૧ પ્રણામ, વરદ હસ્ત, અન્ન બ્રહ્મા. વંદન કરું, ને ધૂનો–આટલું તો બધાને મોટે થઇ જ ગયું. બધા સ્વતંત્ર રીતે જમતા, સૂતા, રમતા શીખ્યા. મમ્મીનું વળગણ છૂટ્યું. બાળકોની ભાષામાં–

"ૐ માના મેજીકથી આ બધું થઇ શક્યું!"

બાળકો એકમેકના મિત્ર ૨–૩ કલાકની સત્સંગની મુલાકાતમાં મિત્રતા કેળવાતી ન હતી. સત્સંગમાં મમ્મી–પપ્પા લઇ જાય માટે જવાનું. એના બદલે આ અમારો સત્સંગ છે, અમે બધા ૐમાના લાયન છીએ એવો પોતીકો ભાવ કેળવાયો.

જેમ બટુકના યજ્ઞોપવિત સંસ્કાર કરી બ્રાહ્મણત્વમાં પ્રવેશ

આપે, તેમ બાળકો પર પૂ.માએ ફુલવાડી સંસ્કાર કરી. જાણે યોગેશ્વર પરિવારમાં સમજપૂર્વક પ્રવેશ આપ્યો.

આજે આટલા દિવસ થઇ ગયા ફુલવાડીને, પણ બધા જ બાળકોના નિયમો રક્ષાયેલા છે. પૂ.માએ આ ૧૨ બાળકો પર પોતાના હસ્તાક્ષર કરી દીધા છે. તે પૂ.માના જ બાળ બની ખીલી રહ્યા છે. ફરી ૐ માની કેમ્પમાં જવાની રાહ જોતા જોતા...

જેમ એક ચિત્રકાર એક ચિત્ર, કે કવિની કવિતા મૂર્તિકારની મૂર્તિ ભલે દુનિયાના કોઇ પણ ખુણે પહોંચે, એ કૃતિ, એ રચના એ કલાકારના નામે જ ઓળખાય છે, તો હે મા પ્રભુ! આ તમારા બાળકોમાં માત્ર ને માત્ર તમારા જ હસ્તાક્ષર દેખાય, દીપાવાય–એવી જ કૃપા કરજો. અમે સૌ ભૌતિક માતા–પિતા જેમને તમે તમારી આ મૂડી પલભર માટે આપી છે એની અમે ઉત્તમ માવજત કરી શકીએ ને તમારાં જ કાર્યો કરવા તમારી આ સેનાને તૈયાર કરી શકીએ. એવું સામર્થ્ય આપજો. એજ પ્રાર્થના.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# Feedback from the parents of the children, who attended the camp

Jai Krupalu Maa,

Maa's blessings on the kids(Kavita and Pooja) have made great difference in their attitude towards daily prayers, after Pocono Camp they are enthusiastic to do morning and evening prayers that includes Eleven Pranams, Varadhast, and Vandan Karu. Pooja reminds all of us to sing AnnaBrahama before every meal. Kavita told me that her perspective for God has changed due to the Camp. Both Kavita and Pooja do their Pranam and Prarthna with Om Maa's Raksha Kavach without us reminding them. As a parent, I see that, after spending a week with Om Maa at the camp they have better understanding of why prayer is an important routine in our daily life, and they maintain that routine reality. Thank you OM MAA for all your Guidance and Blessings in our lives. WE LOVe YOU OM MAA.

PRANAM,

How the children felt about this camp.

**Kirtan Patel (age–7)**

Here are the changes that we noticed in Kirtan after coming back from Pujya MAA's Shibir.

1. Kirtan learned to do 11 pranams everday.

2. He says "Aana Brahma" everyday before eating any food.

3. He learned to do many things independently.

4. He does his prayers every night before going to bed. We do not have to remind him.

5. He always says "Jai Jai Krupalu MAA" before we go out in the car and same when we return back home.

6. IF he has test in school he is confident that MAA is going to be with him in test and he does his best. When he comes back from school he does not forget to mention that MAA was there when he was writing his test.

7. He recites all Pujya MAA's prayers to Vatsal (his newborn brother).

8. He gave me Pujya MAA's candy when I was Going to hospital for delivery saying that "MAA will protect you".

Thank you to MAA for organizing this Fulwadi which brought these changes in Kirtan. I request MAA to organize a Fulwadi every year



for children so I can bring Kirtan and Vatsal.

Thank you for your Aashirved MAA..

Koti Koti Pranam to MAA.

Jai krupalu MAA

**MANAN PATEL (age–9)**

(1) I do 12 pranam everday, and I got a new house for one pranam.

(2) I first do paryers and then sleep.

(3) I Know some more Prayers.

(4) I say the prayer and then I eat now.

(5) I don't watch violence movie now.

(6) I do puja everyday.

(7) I read some God stories.

(8) I watch God movies now.

(9) I am interested now to learn about God.

(10) I like to know more about Maa

Jai Krupalu Maa

Nrupa Patel

**Pujya (age–3) & Kavya (age–6)**

Here are the 10 points that we have seen in Kavya and Pujya since their days at the Shibir.

1. Both get up and do their morning prayers (Varad Hasta and 11 Pranams)

2. Both say their prayers before eating their food.

3. Both say their prayers before going to sleep at night.

4. Both remember Maa in many things they do daily.

5. Both go to sleep early and get up early for school.

6. When travelling in car they constantly sing dhun.

7. Their interest in learning the different prayers and dhuns has led them to reciting both Maa–Prabhu's Bavanis

8. They enjoy each others company and have now learned to sleep alone by themselves (without parents)

9. They have become very curious about Pujya Maa, Pujya Prabhu, their life, what they used to do when they were children & always want to hear Maa & Prabhu's childhood stories.

10. They remember everybody from Shibir & whenever there is chance they want to communicate with them

Thank You P. Maa., Jai Krupalu Maa

Pratik

**Viren (age–10 years) & Ishaan (age–6 years)**

We are very thankful to P. MAA that our children were able to attend Fulwadi in Pocono,



PA this summer (2011).

After attending children's shibir, my children started doing 11 pranams, singing varad–hasta, Aanbrahma and vandan karu regular everday.

Earlier, we tried making them do pranam and pooja, but they never did it regularly. Ever since they attended the shibir, there was a change in them. They started believing in P. Maa and her power more and more.

Ishaan hardly spoke in Gujrati before, now he does his pooja and bhajan in Gujarati and also started talking more Gujarati at home.

our children started praying and saying thank you to Maa.

They also got very close to other kids in NJ satsang kendra.

Overall, this Fulwadi was very positive boost for our kids towards P. MAA.

As a parent, we are very thankful to P. MAA for giving this precious opportunity to our children.

We are looking forward to such a Fulwadi next year and every year.

Jai Krupalu Maa

Pinakin & Gunjan

# ૐ મા પ્રભુ

(નોંધ :–શિબિરમાં હાજરી આપી પાછાં ફરેલાં બાળકોમાં કેવો બદલાવ આવ્યો છે, તે અંગેના પ્રતિભાવો કેટલાક મા–બાપોએ આપ્યા છે તે ગુજરાતીમાં છે. તો કેટલાક બાળકોએ પોતે અંગ્રેજીમાં પોતાના પ્રતિભાવો આપ્યા છે. અહીં કેટલાક મા–બાપોની ગુજરાતીમાં આવેલ પ્રતિભાવો રજુ કર્યા છે. –તંત્રી)

નામઃ મોક્ષ

ઉંમરઃ ૫ વર્ષ

પૂ.માએ પ્રેમથી રોપેલા, સંસ્કારોનાં બી જાદુઈ રીતે પકડી રહ્યાં છે. ફુલવાડીમાંથી આવ્યા પછી પૂ.મા મોક્ષને 'પોતાના' લાગે છે. રોજ સવારે સ્નાન કરીને પહેલાં ૧ પ્રણામ કરાવવા એને રોજ કહેવું પડતું, હવે સ્નાન બાદ "પ્રણામ, પ્રદક્ષિણાનો ક્રમ એ ખુબ સહજ રીતે પોતે જ પૂરો પાડે છે." ફુલવાડીમાંથી આવીને ૧ અઠવાડિયું તો દેવાંગ સ્નાન કરીને બાથરૂમની બહાર આવે–ત્યાં જ મોક્ષ રાહ જોતો ઉભો હોય– 'ચાલો પપ્પા પ્રણામ કરી લો.' એમ કહી પપ્પાને પણ એ જ પ્રણામ કરાવી લે. ગુરુ બનીને નિયમ પડાવે.

બે વખત તો રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા ને અમે જ અન્ન બ્રહ્મા ગાવાનું ભૂલી ગયા. પહેલીવાર જ તો જમવાનું શરૂ કર્યા પછી એને યાદ આવ્યું. તો અમારા હાથમાંથી કાંટા ચમચી મૂકાવીને એણે પ્રથમ અન્ન બ્રહ્મા ગવડાવ્યું. એક બીજી રેસ્ટોરન્ટમાં જેવું જમવાનું આવીયું એવું એણે અમને બધાને અન્ન બ્રહ્મા બોલાવીને પછી જ જમવા દીધા.

મોક્ષની રોજની જીંદગીમાં પૂ.મા વધુ વણાઈ ગયાં છે. એને કંઈ પણ જોઈતું હોય તો પૂ.માને એ જાતે જ પ્રાર્થના કરવા માંડે, ને કહે કે "પૂ.મા મેજીકથી આ વસ્તુ લાવી આપશે."

રોજ સ્કુલમાં જતી વખતે ગાડીમાં દેવાંશ મોક્ષને યાદ કરાવીને પ્રાર્થના બોલાવતો. ફુલવાડી પછી મોક્ષ પોતે જ યાદ કરાવે.", ચાલો પપ્પા 'ૐ મા' બોલી લઈએ. દરરોજનો સ્કુલ જતી વખતનો નિયમ એણે જાતે જ બનાવી દીધો છે.

ફુલવાડીમાં અપાયેલા સંસ્કારોની, નિયમોની બાળકોની રક્ષા પૂ.મા



પોતે જ કરી રહ્યાં છે. મા–બાપ તો પૂ.માની લીલાના દર્શન બાળકોમાં કરી રહ્યા છે.

"જીવન ઘડતર કોણે પ્રેમે લઈ લીધું હાથમાં..."

પૂ.મા તમારો(દર વર્ષ લાંબી યાત્રા કરી અહીં આવવાના) શ્રમના પ્રસવેદ બિંદુઓથી જ આ તમારા દૈવી છોડવાઓનું સિંચન તમે કરો છો. ભારતથી દૂર આ જે ભારત ઉભું કરી રહ્યા છો એ લીલાની બલીહારી!

★ ★ ★

સિદ્ધ–૬.૫ વર્ષ

નિસર્ગ–૨ વર્ષ

પૂજ્ય માને અમારા પ્રણામ.

અમેરિકાની ધરતી પર રહીને બાળકોને સારા સંસ્કાર આપવા એ ખૂબ મોટું કામ છે. પણ આ વરસે પૂજ્ય માએ અહીં આવી બાળકોની શિબિર રાખી અમારા માટે આ કામ હવે અડધું કરી નાખ્યું છે. બાળકો શિબિરમાં રહીને ઘણું બધું શિખ્યાં છે. બધાંની સાથે મળીને કેમ રહેવું, પોતાનું કામ જાતે કરતા અને ખાસ તો પૂજ્ય મા માટેની શ્રદ્ધા ઘણી જ વધી છે. હવે તેઓ ઘરે આવીને દરરોજ સવારે પ્રાર્થના, પ્રણામ, જમતી વખતે પ્રાર્થના, સૂતી વખતે પ્રાર્થના ભૂલ્યા વગર કરે છે. અને સિદ્ધથી જ્યારે પણ ભૂલ થાય તે અગિયાર પ્રણામ કરીને માફી માંગે છે. બધી પ્રાર્થના પોતાની જાતે યાદ રાખીને કરે છે. જ્યારે અમે સમૂહ પ્રાર્થના ક્યારેક ભૂલી જઈએ તો બાળકો અમને યાદ કરાવે છે. અને નિસર્ગ પણ બધાને જોઈને પ્રાર્થના–પ્રણામ કરે છે. આટલા નાના બાળકને આ બધું કરાવવું એટલે મોટું કામ છે પણ આ બધી "પૂજ્ય માની જ કૃપા છે. જે કામ અમે આટલાં વર્ષોમાં ના કરી શક્યાં તે કામ "પૂજ્ય મા એ ૧ Week" માં કરી બતાવ્યું" એ બાળકો આવતી શિબિરની રાહ જુવે છે. તે અમને વારંવારે પૂછે છે "પૂ. મા ફરી શિબિર રાખશે ક્યારે? આપણે જઈશું? બાળકોને શિબિરમાં "પૂજ્ય મા"એ એટલી બધી મજા કરાવી છે કે તે ક્યારેય ભૂલી નહીં શકે. ખરેખર 'મા' તમે શિબિર રાખીને અમારા અને બાળકો ઉપર ખૂબ જ મોટો ઉપકાર કર્યો છે. Thank you so much.

(ક્રમશઃ)